ક્રમાંકઃજમન/ટે.૧૧ /અ/ ૭૧૮ /૨૦૨૧–૨૨
**નાયબ વન સંરક્ષકશ્રી ,વલસાડ દક્ષિણની કચેરી,**
જીલ્લા સેવા સદન–૨,ત્રીજા માળે,તીથલ રોડ
વલસાડ.તા. ૭/૦૬ /૨૦૨૧.

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વલસાડ વન વર્તુળ
વલસાડ

**વિષયઃ**Proposal for widening of Construction of R.O.B.(railway over Bridge) Approaches on LC-No.71 Mumbai-Delhi Traffic route of Western Railway of Valsad District on Malav-Vankas Road Ch;4.780 Diversion of Area-0.936 ha.(Reserved forest)

**સંદર્ભઃ(૧)**અધિક અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી જમીન,ગુ.રા.ગાંધીનગરના પત્રાંકઃ
જમન/૩૧/બ/૪૫૪–૫૬.તા.૧૯/૦૪/૨૦૨૧.
(૨)આપના શેરાક્રમાંકઃ
બ/જમન/૧૪/૬૯૭.તા.૨૪/૦૫/૨૦૨૧.

સાદર ઉપરોકત વિષયના અનુસંધાને નિવેદન કે,ઉકત વિષયમાં દર્શાવેલ વન સંરક્ષણ ધારા ૧૯૮૦ હેઠળની દરખાસ્ત પરત્વે મુધ્દા નં.૧ થી ૩ માં ક્ષતિઓ જણાયેલ હોય તે બાબતેની પૂર્તતા કરી અહેવાલ સાદર કરવા સંદર્ભ હેઠળના પત્રોથી જણાવેલ છે.

સદરહુ બાબતે નીચે જણાવ્યા મુજબ મુધ્દા નં.૧ થી ૩ માં પૂર્તતા કરવામાં આવેલ છે.

**મુધ્દા નં.૧.**યુઝર એજન્સી ધ્વારા માંગણી કરવામાં આવેલ મોજેઃમલાવ,રિઝર્વ ફોરેસ્ટના સર્વે નં.૧૬૩ નો ઉલ્લેખ જણાતો નથી.જેથી જાહેરનામામાં સ્પષ્ટ દર્શાવવુ.

સદરહુ માંગણીવાળો વિસ્તાર હાલના રેકર્ડ મુજબ ઉમરગામ તાલુકાના મોજેઃમલાવગામના રિઝર્વ ફોરેસ્ટ સર્વેનંબર ૧૬૩ વાળી જમીનમાં આવે છે.જે સર્વેનંબરનુ પણ હાલમાં પ્રમોલગેશન થયેલ હોય તેના નવા ૪ હિસ્સા પડતા સર્વેનંબર ૧૯૭,૧૯૯,૫૭૦,૫૭૧ ઉપસ્થિત થયેલ છે. આ ૪(ચાર) નવા સર્વેનંબરોની ૭×૧૨ની નકલ મેળવી રજુ કરેલ છે. દરખાસ્તમાં બોમ્બે સ્ટેટ સમયનું જુનુ સને ૧૮૭૯ નું જાહેરનામુ સામેલ રાખેલ છે.જેમાં તે સમયના સર્વેનંબરનો ઉલ્લેખ કરેલ છે. જેથી જાહેરનામામાં સ.નં.૧૬૩નો ઉલ્લેખ જણાતો નથી.

**મુધ્દા નં.૨.**યુઝર એજન્સી ધ્વારા રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારની માંગણી કરવામાં આવેલ છે.જેમાં આપના તરફથી આપવામાં આવેલ સુચના મુજબ દરખાસ્તના તમામ એનેક્ષરોમાં પ્રોટેકટેડ ફોરેસ્ટનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.તેને સુધારી રિઝર્વ ફોરેસ્ટનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**મુધ્દા નં.૩.**એનેક્ષર–૨૫ માં આપવાનું થતુ પ્રમાણપત્ર આપની સુચના મુજબ નવેસરથી બનાવી સાદર કરેલ છે.

ઉપર જણાવેલ બાબતેની ક્ષતિઓની પૂર્તતા મુળ દરખાસ્ત ૪(ચાર) નકલમાં કરી આ સાથે સાદર કરેલ છે.જે આપ સાહેબને જાણ થવા વિનંતી છે.

**બિડાણઃ**ઉપર મુજબ.

**નાયબ વન સંરક્ષક**
**વલસાડ દક્ષિણ**